આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આશુતોષ અંતાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **09-09-2024** સમય : સવારે **6.50** વાગ્યે

---------------------------------------------------------------

## કચ્છ : લખપત ભેદી વાયરસ

જિલ્લાના લખપત તાલુકામાં છેલ્લા ચાર દિવસ દરમિયાન 12 જેટલા લોકોના શંકાસ્પદ મોત થતા રાજ્યના અલગ અલગ શહેરમાંથી નિષ્ણાંત તબીબોની ટીમ કચ્છ મોકલવામાં આવી છે અને બે દિવસમાં જ સમગ્ર મામલાની તપાસ કરી અહેવાલ સુપરત કરવા આદેશ કરાયો છે. 12 લોકોના શંકાસ્પદ મોત થયા બાદ આરોગ્ય તંત્ર દ્વારા જરુરી સેમ્પલ લઈ મોતનું કારણ જાણવા તપાસ કરવામાં આવી રહી છે.

રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, આરોગ્ય વિભાગ તરફથી વિવિધ રોગના નિષ્ણાતોની ટીમ મોકલવામાં આવી છે. જે સર્વેલન્સની કામગીરી હાથ ધરી માહિતી મેળવશે અને બે દિવસમાં અહેવાલ કરશે. જેના આધારે સરકાર દ્વારા આવશ્યક પગલાઓ ભરવામાં આવશે.

દરમ્યાન, જિલ્લા કલેક્ટર કલેક્ટર અમિત અરોરાએ જણાવ્યું કે, આરોગ્ય વિભાગની 22 જેટલી ટીમ દ્વારા લખપત તાલુકાના વિવિધ ગામોમાં ડોર ટુ ડોર સર્વેની કામગીરી સાથે લોકોના આરોગ્યની પણ તપાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. મંગવાણા અને દયાપરના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના ડોક્ટર પણ ત્યાં મુકવામાં આવ્યા છે.

સ્વાઇન ફ્લૂ, કોંગો ફીવર,ડેંગ્યુ, સહિતની બીમારીઓ માટે સેમ્પલ લેવામાં આવ્યા છે. તેમાં હાલ તો ન્યુમોનિયાની અસર હોય તેવું જણાયું છે. તેમ શ્રી અરોરાએ ઉમેર્યું હતું.

**અશરફ નથવાણી**

---

## ટાઇમ મેગેઝિન : અશ્વિની વૈષ્ણવ

ટાઈમ મેગેઝીને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવને ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રના સૌથી મહત્વપૂર્ણ લોકોની યાદીમાં સામેલ કર્યા છે. શ્રી વૈષ્ણવનું નામ આ યાદીમાં "શેપર્સ" શ્રેણીમાં છે. મેગેઝિને જણાવ્યું હતું કે શ્રી વૈષ્ણવના નેતૃત્વમાં ભારત આગામી પાંચ વર્ષમાં સેમિકન્ડક્ટર ઉત્પાદન ક્ષેત્રે ટોચના પાંચ દેશોમાં સામેલ થવાની અપેક્ષા છે. વધુમાં જણાવ્યું હતું કે આધુનિક AI સિસ્ટમ્સમાં મહત્વપૂર્ણ ઘટકો માટે ઘણી ફેક્ટરીઓમાં બાંધકામનું કાર્ય શરૂ થઈ ગયું છે. ટાઈમ મેગેઝિને એમ પણ કહ્યું છે કે ભારતીય શિક્ષણ

પ્રણાલી એઆઈ અને સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ માટે જરૂરી કર્મચારીઓના વિકાસને વેગ આપી રહી છે.

માહિતી અને પ્રસારણ મંત્રાલયે કહ્યું છે કે ટાઈમ મેગેઝીનની યાદીમાં શ્રી વૈષ્ણવના નામનો સમાવેશ દર્શાવે છે કે તેઓ એઆઈના ક્ષેત્રમાં ભારતને આગળ લઈ જવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## રાજ્ય : સુરત : સાયબર સંજીવની 3.0

સુરતના અડાજણ ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ તથા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે "સાયબર સંજીવની ૩.૦" અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.  સુરતને સાયબર સેફ બનાવવા અને સુરતીઓને ઓનલાઈન છેતરપિંડીથી બચાવવા માટે સુરત શહેર પોલીસ અને સાયબર સુરક્ષા સેતુના સહયોગથી આ અભિયાનનો પ્રારંભ કરાયો છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## કચ્છ : ભુજ, સુમરાસર શેખ વરસાદી પાણી સંગ્રહ

ભુજ તાલુકાના સુમરાસર શેખ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં જિલ્લાના લોકોને વહી જતા વરસાદી પાણીના સંગ્રહ માટે જનભાગીદારીથી જોડાવવા હાકલ કરાઇ હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વહી જતા વરસાદી પાણીના સંગ્રહના પ્રોજેક્ટનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવ્યો હતો ત્યારે સુમરાસર શેખમાં યોજાયેલા કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડાએ જિલ્લા માટે ભૂગર્ભજળની અગત્યતા, સમાજ નવનિર્માણ ટ્રસ્ટ સહિત વિવિધ સંસ્થાઓના સહયોગથી ભૂગર્ભ જળને સંગ્રહિત કરવા માટે થઇ રહેલા કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી વરચંદ, જિલ્લા પંચાયત અધ્યક્ષ જનકસિંહ જાડેજા, અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**N.P./ આશુતોષ અંતાણી**

---------------------------------------------------------------------

## કચ્છ : હવામાન

હવામાન વિભાગ દ્વારા કચ્છમાં હજુ 14 સપ્ટેમ્બર, શનિવાર સુધી અમુક સ્થળે હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

જિલ્લામાં મેઘરાજાએ વિરામ લેતાં સૂર્યનારાયણના દર્શન સાથે તાપમાનનો પારો ઉંચકાયો છે. આ સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધતાં બફારો લોકોને અકાળવી રહ્યો છે. રવિવારે કંડલા એરપોર્ટ 34.6 ડિગ્રી સાથે રાજકોટ બાદ રાજ્યનું બીજા નંબરનું ગરમ મથક બની રહ્યું હતું. જિલ્લા મથક ભુજ  34.2 ડિગ્રીએ રાજ્યનું ત્રીજા નંબરનું ગરમ સ્થળ રહ્યું હતું.

**N.P./ આશુતોષ અંતાણી**

----------------------------------------------------------------------

## ભુજ-વંદે મેટ્રો ટ્રેન ટ્રાયલ

અમદાવાદ ભુજ વંદે મેટ્રો ટ્રેનની ટ્રાયલ ગઇકાલે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. ત્રણ યુનિટના કુલ 12 એસી કોચ સાથેની વંદે મેટ્રો ટ્રેન બપોરે એક વાગ્યે ભુજ આવી પહોંચી હતી અને બપોરે એક અને 40 મિનિટે પરત અમદાવાદ માટે રવાના થઈ હતી. 110 કિ.મી.ની સ્પીડ ધરાવતી વંદે મેટ્રો ટ્રેનને નિર્ધારિત સફર પૂર્ણ કરતા 5 કલાકનો સમય લાગ્યો હતો.

**અશરફ નથણવાણી**

----------------------------------------------------------------------

## ફ્રાન્સ : પેરિસ, પેરાઓલમ્પિક : ભારત

ફ્રાન્સના પેરિસ ખાતે રમાયેલા પેરાઓલમ્પિક રમતોત્સવમાં ભારત 7 સુવર્ણ, 9 રજત અને 13 કાંસ્ય પદક સાથે કરી 18 મા સ્થાને રહ્યું હતું. ગઇકાલે ભારતના નવદીપસિંહને ભાલા ફેંકમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયો હતો.

**N.P./** આશુતોષ અંતાણી

---------------------------------------------------------------------